**CC NO. 1018-2025**

**-:: હુકમ ::-**

આરોપીઓની આંક-૮,૧૪ વાળી ગુન્હા કબુલાત પુરસીસ, આરોપીઓની આંક-૦૬,૦૭,૧૩ વાળી પ્લી અને કેસની હકીકત વંચાણે લેતા આરોપીઓ સામેના જુગારધારા એકટ ની કલમ-૧૨ મુજબનો ગુનો હું સાબીત થયેલો ગણું છું. આરોપીઓ સામેનો ગુનો અને કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે તે હકીકત માન્ય રાખી નીચે મુજબ હુકમ કરૂં છું.

**-:: અંતિમ હુકમ ::-**

- ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૫૨ અન્વયે આ કામના આરોપીઓ ને જુગારધારા એકટ ની કલમ-૧૨ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને જુગારધારા એકટ ની કલમ-૧૨ ના શિક્ષાપાત્ર ગુન્હાના ભંગ બદલ દરેક આરોપીઓ ને રૂા.૨૦૦/- (અં કે રૂપિયા બસો પુરા) એક કુલ્લ રૂ.૬૦૦/- અંકે રૂપિયા છસો પુરા નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપીઓ દડંની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો આરોપીઓને દિવસ-૧ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.
- આ કામમાં રજુ થયેલ મુદામાલ રોકડ રકમ આરોપીઓની માલીકીની ન હોય તેમજ રોકડ રકમ આરોપીઓ પાસેથી કબ્જે કરેલ ન હોય જે રોકડ રકમ અંગે આરોપીઓએ કોઈ કલેઈમ કરેલ ન હોય કે ભવિષ્યમાં કોઈ કલેઈમ કરવા માંગતા ન હોય જેથી હાલના કામે રજુ થયેલ રોકડ રકમ સરકારશ્રીમાં જમા કરાવવી.
- આ કામમાં રજુ થયેલ ગંજીપતાના પાનાનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજ રોજ બોટાદ મુકામે તારીખ ૧૪ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ નારોજ

સ્પે.સીટીંગમાં વાચીં સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬ (બી.જી.સોલંકી)
સ્થળ : બોટાદ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
બોટાદ
Code GJ-00976

પંહોચ નં. થી રૂા. ૬૦૦/-(અંકે રૂપિયા છસો પુરા)
જમાં લીધા.
તા. ૧૪/૦૩/૨૦૨૬

સુપ્રિ.